# સૂરજ એસ્ટેટ ડેવલપર્સની ઓફરે ૧૫.૬ ગણું સબસ્ક્રિપ્શન મેળવ્યું

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા. ૨૧

સુરજ એસ્ટેટ ડેવલપર્સના પ્રાથમિક શેર વેચાણને બુધવારે બોલી લગાવવાના અંતિમ દિવસે ૧૫.૬૫ ગણું સબસ્ક્રિપ્શન મળ્યું હતું.

એનએસઈના આંકડા મુજબ, ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ)ને ૮૨,૩૫,૨૯૩ શેરની સામે ૧૨,૮૮,૪૬,૫૫૯ શેરો માટે બિડ મળી હતી.

ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (ક્યુઆઇબી) માટેનો હિસ્સો ૨૪.૩૧ ગણો સબસ્ક્રાઇબ થયો હતો જ્યારે બિન-સંસ્થાકીય રોકાણકારો માટેના



ક્વોટાને ૧૮.૯૦ ગણું સબસ્ક્રિપ્શન મળ્યું હતું. રિટેલ ઇન્ડિવિડ્યુઅલ ઇન્વેસ્ટર્સ (આરઆઇઆઇ) માટેની કેટેગરીમાં ૯.૩૦ ગણું સબસ્ક્રિપ્શન મળ્યું છે.

સૂરજ એસ્ટેટ ડેવલપર્સ કંપનીના આઈપીઓની પ્રાઇસ રેન્જ રૂપિયા ૩૪૦-૩૬૦ પ્રતિ શેર હતી.

મુંબઈ સ્થિત કંપનીનો આઈપીઓ સંપૂર્ણપણે રૂપિયા ૪૦૦ કરોડના ઇક્વિટી શેર્સની નવેસરથી જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં ઓફર-ફોર-સેલ (ઓએફએસ) કમ્પોનન્ટ નહતું. શુક્રવારે સૂરજ એસ્ટેટ ડેવલપર્સે જણાવ્યું હતું કે તેણે એન્કર ઇન્વેસ્ટર્સ પાસેથી રૂપિયા ૧૨૦ કરોડ મેળવ્યા છે.

આઇટીઆઇ કેપિટલ અને આનંદ રાઠી સલાહકારો આ ઓફરના મેનેજર હતા.

ઇક્વિટી શેરોને બીએસઈ અને એનએસઈ પર સૂચિબદ્ધ કરવાની દરખાસ્ત છે.